CONCORD
COMMUNICATIONS

The Resource Centre

Publication : Divya Bhaskar
Date : Thursday, August 12, 2010
Edition : Ahmedabad
Page : 02

# પત્નીએ ૬૫ ટકા લિવર પતિને આપી દીધું

## નવજીવન જિજ્ઞાબહેને 'અર્ધાંગિની' શબ્દને જીવી બતાવ્યો : એપોલો હોસ્પિટલમાં ગુજરાતમાં પ્રથમ જીવંત લિવર ટ્રાન્સપ્લાન્ટ

ભાસ્કર ન્યૂઝ . અમદાવાદ

શહેરના રન્નાપાર્ક વિસ્તારમાં રહેતાં ૪૬ વર્ષના જિજ્ઞાબહેન પટેલે 'અર્ધાંગિની' શબ્દને ખરા અર્થમાં જીવી બતાવ્યો છે, કેમ કે લીવર ખરાબ થઈ જતાં મૃત્યુના દ્વારે પહોંચેલા પતિ સુનિલ પટેલને તેમણે પોતાના અંગમાં રહેલું અડધું લિવર આપીને નવું જીવન આપ્યું છે. સુનિલભાઈ પણ સાવિત્રીસમાં જિજ્ઞાબહેનને 'ભગવાન' કહેતાં સહેજ પણ અચકાતા નથી. જો કે જિજ્ઞાબહેનના લિવરને સુનિલભાઈમાં જીવંત રીતે પ્રત્યારોપિત કરવાનું ગુજરાતનું સર્વપ્રથમ સાહસ શહેરની એપોલો હોસ્પિટલે ખેડ્યું છે.




### દેશમાં 3 લાખ દર્દીઓને લિવર ટ્રાન્સપ્લાન્ટની જરૂર

**એપોલોના** લિવર રોગોના વિશેષજ્ઞ ડો. શ્રવણ બોહરાએ જણાવ્યું હતું કે, યુવાનો ઉપરાંત તરુણ અને નાનાં બાળકોમાં લિવરના રોગ ખૂબ ઝડપથી ફેલાઈ રહ્યા છે અને દેશમાં લગભગ 3 લાખ દર્દીઓ લિવર ટ્રાન્સપ્લાન્ટની રાહ જોઈ રહ્યા છે. યુ.એસ. અને યુ.કે.ના અનેક દર્દીઓ લિવર ટ્રાન્સપ્લાન્ટ માટે ભારતમાં આવતા મેડિકલ ટુરિઝમને પણ વેગ મળવાની પૂરેપૂરી શક્યતા છે.

પતિને નવજીવન આપનારાં જિજ્ઞાબહેન ભાવનામાં ગળગળા થતાં કહે છે કે, 'પતિ પ્રત્યેની ફરજ અને લાગણીને વશ થઈ મેં લિવર તેમને આપવાનો નિર્ણય કર્યો હતો. જો કે તે પહેલાં મારાં સાસુએ પણ લિવર આપવાની તૈયારી દર્શાવી હતી પણ ઉંમરલાયક હોવાથી તેમનું લિવર લેવું હિતાવહ નહોતું.' સુનિલભાઈએ જણાવ્યું હતું કે, 'મારા માટે તો જિજ્ઞા 'ભગવાન' છે.'

એપોલો હોસ્પિટલ્સના લિવર સર્જન ડો ચિરાગ દેસાઈએ કહ્યું હતું કે, 'સુનિલભાઈને ક્રિપ્ટોજેનિક સિરોસિસ નામનો લિવરનો રોગ હતો. જેમાં લિવર કયા કારણસર ખરાબ થયું તેનું નિદાન થતું નથી અને દર્દી ઝડપથી મૃત્યુના મુખમાં ધકેલાતો જાય છે. જીવવા માટેનો વિકલ્પ માત્ર લિવર ટ્રાન્સપ્લાન્ટ હોય છે. સુનિલભાઈનાં પત્ની સામેથી લિવર આપવા રાજી થયાં હોવાના લીધે ગુજરાતમાં પ્રથમ 'જીવંત લિવર ટ્રાન્સપ્લાન્ટ' શક્ય બન્યું છે.' આ ઓપરેશન ૧૬ કલાક ચાલ્યું હતું અને ખૂબ સફળ રીતે તે પૂર્ણ થયું છે. ૧૦ દિવસ બાદ દર્દી પોતાના ઘેર પાછા ફરી સામાન્ય જીવન જીવી શકશે.

એપોલોની ટીમે આ માટે ખૂબ મહેનત કરી હોવાનું હોસ્પિટલના સીઈઓ ડો. પ્રફુલ્લ પવારે જણાવ્યું હતું. આ સમગ્ર ઘટનાના સાક્ષી બનેલા કેડિલા ફાર્માના ઈન્દ્રવદન મોદીએ લિવર ટ્રાન્સપ્લાન્ટ અંગે જાહેર જનતામાં જાગરૂકતા વધે તેના પ્રયત્નો કરવાનું નિવેદન કરતાં 'જીવંત લિવર દાતા' બનવા બદલ જિજ્ઞાબહેન પટેલને અભિનંદન આપ્યા હતા.